# ગાંધીનગર સિવિલના ઈલેક્ટ્રીક સ્ટેશનની મરામત હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૨૦

કોરોનાની ત્રીજી લહેરની સંભાવનાને પગલે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરી દેવામાં આવી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના વિભાગને પણ સાવચેત રહેવા માટે જણાવાયું છે. તો બીજીતરફ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ડોકટર તેમજ સ્ટાફના કર્મચારીઓને તાલિમબધ્ધ કરવામાં આવી રહ્યા છે. જયારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ઓપીડી તેમજ જુની બિલ્ડીંગમાં આપવામાં આવતા પાવર સપ્લાયની તપાસ અને સર્વિસ કરવામાં આવી હતી.જુના બિલ્ડીંગને જે સ્થળ થી વિજપુરવઠો પુરો પાડવામાં આવે છે તે બંન્ને સ્ટેશનમાં કંપનીના કર્મચારીઓ દ્વારા સર્વિસ કરવામાં આવી હતી. આ સર્વિસના સમયગાળા દરમિયાન ઓપીડી અને જુની બિલ્ડીંગમાં વિજપુરવઠો બંધ કરાયો હતો. ત્રણ કલાક વિજપુરવઠો બંધ રહેવા પામ્યો હતો.આ કામગીરીની જાણ અગાઉથી કરી દેવામાં આવી હતી. જેથી કેટલાક દર્દીઓને નવી બિલ્ડીંગ ખાતે ખસેડવામાં આવ્યા હતા. તો બીજીબાજુ બે પ્રસુતાને તાત્કાલીક સિઝેરીયન કરવાનું હોવાથી તેણીને નવી બિલ્ડીંગના ત્રીજા મજલે આવેલા ઓપરેશન થિયેટરમાં સર્જરી કરવામાં આવી હતી અને ત્યાં સામે જ વોર્ડમાં એડમીટ કરવામાં આવ્યા હતા. જયારે આગામી દિવસોમાં ૬૦૦ બેડની હોસ્પિટલ બિલ્ડીંગમાં પણ આ પ્રકારે વિજપુરવઠો બંધ કરીને સર્વિસની કામગીરી કરવામાં આવનાર છે.સિવિલમાં ઈલેક્ટ્રીક સ્ટેશનની સર્વિસ દરમિયાન કાર્યપાલક ઈજનેર, આસી.ઈજનેર સહિત ઈલેકટ્રીક વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.



સેક્ટર-૨૧ શોપીંગ સેન્ટરના નવીનીકરણનો પ્રયાસ સાવ નિષ્ફળ ગયો છે. ફુવારા તો ક્યારનાય તુટી ગયા છે અને વોકવે પણ તુટી ગયો છે. ડિઝાઈનીંગની ખામીના કારણે જરાક વરસાદ પડે તો પણ જ્યાં ત્યાં પાણી ભરાય છે. પાણી ભરાતા મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. વળી દુર્ગંધના કારણે અહીં ખરીદી કરવા આવતા વસાહતીઓને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

# ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા 'ફોટો સ્પર્ધા' યોજાઈ






ગાંધીનગર, તા. ૨૦

૧૯ ઓગષ્ટ, વિશ્વ ફોટોગ્રાફી દિવસ નિમિત્તો ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા આયોજિત ફોટો સ્પર્ધા 'મારી નજરે મારૂ ગાંધીનગર'માં શહેરની કલાપ્રેમી જનતાએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ૧૫૦ ફોટોમાંથી સર્વશ્રેષ્ઠ ૫ ફોટા સિલેક્ટ કરાયા હતા. જેમાં પ્રથમ વિજેતા તરીકે ભાગ્યેશ ભાવસાર, દ્વિતીય વિજેતા કુલદીપ શર્મા, તૃતીય વિજેતા નિસર્ગ પટેલ, ચોથા વિજેતા આર્યા ગજ્જર અને પાંચમા વિજેતા તરીકે ગૌરવ જાદવ વિજેતા જાહેર થયા હતા. જેમને ૫૦૦૦ કરતા વધુ રોકડ રકમ, મોમેન્ટો, સર્ટિફિકેટ એનાયત કરાયા હતા. આ સાથે જ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સર્ટિફિકેટ આપ્યા હતા. આ સ્પર્ધામાં હિરેનભાઈ ભટ્ટ (ડેપ્યુટી ડાયરેક્ટર ઈન્ફોરમેશન ફિલ્મ પ્રોડકસન) અને નિકુંજભાઈ વૈષ્યક (પ્રકૃતિ અને વાઈલ્ડ લાઈફના જાણીતા ફોટોગ્રાફર) નિર્ણાયક તરીકે પોતાની ફરજ નિભાવી હતી. આ સ્પર્ધાને સફળ બનાવવા માટે પ્રતિકભાઈ શાહ, કૃષ્ણકાન્ત જહા, આશિષભાઈ પટેલ, એસ.એન. શર્માજીનું અમુલ્ય યોગદાન રહ્યુ હતુ. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકોનો ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા આભાર વ્યક્ત કરાયો હતો.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ચિંતન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા એક ચિંતન શિબિરનું આયોજન કરાયું હતું. જે વિચાર સૂત્ર (ચાલો, ઉત્તમ વિચારને વિસ્તારીએ)ને અમલી બનાવવા માટે ચિંતન શિબિર યોજી હતી. આ શિબિરમાં અવનીશ ભટનાગર (દિલ્હી વિદ્યાભારતીના રાષ્ટ્રીય મંત્રી) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બે વિષયો પર વ્યાખ્યાન આપ્યુ હતુ. આનંદ મોહન તિવારી (નિવૃત્ત સનદી અધિકારી)એ પણ વિવિધ સમજૂતી આપી હતી. આ ઉપરાંત શિબિરના કુલ આઠ સત્રોમાં હર્ષદભાઈ શાહ (કુલપતિ), અશોકભાઈ પ્રજાપતિ (કુલ સચિવ), યોગેન્દ્ર પટેલ દ્વારા ઉત્તમ માર્ગદર્શન કરવામાં આવ્યુ હતું. આ શિબિરમાં ૮૭ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીના ભાવિ વિકાસ અર્થે ચિંતન શિબિરને ફળદાયી બનાવવા બદલ પ્રો. બી.ડી. ઢીલાએ (શિબિર સંયોજક)એ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.




## ખૂણેખાંચરેથી

● આજે ત્રીજો શનિવાર હોવાથી જિલ્લાતંત્ર માટે ડે ઓફ મિટીંગ્સ રહેશે. કલેક્ટર કચેરીમાં આજે ૮ થી વધુ મિટીંગોનું આયોજન છે.

● ગાંધીનગરમાં સે. ૭ ખાતે આવેલ ભારત માતા મંદિર ખાતે ૨૫-૨૬-૨૭ના રોજ ત્રિ-દિવસીય પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરાયુ છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ પંચાયતની બેઠક જિલ્લા પંચાયત ખાતે આજે મળશે.

● રાજ્ય ચૂંટણી પંચે ધનવાન ભારત પાર્ટી નામના પક્ષની અમાન્ય પક્ષ તરીકે નોંધણી કરી છે. આ પાર્ટીનું વડુ મથક અમદાવાદ દર્શાવવામાં આવ્યું છે.

● માણસા તાલુકા લેન્ડ કમિટીની બેઠક ૨૫મીએ માણસા તાલુકા પંચાયત ખાતે મળશે.

● રવિવારે બળેવ હોવાથી કોરોનાનું વેક્સિનેશન અભિયાન બંધ રહેશે તેવી જાહેરાત નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે કરી છે.

● ગાંધીનગરના વિવિધ મંદિરોમાં યોજાઈ રહેલા હિંડોળાએ ભારે આકર્ષણ જમાવતાં સાંજના સમયે મંદિરોમાં મોટી સંખ્યામાં દર્શન કરવા જતા ભક્તોની સંખ્યા વધી છે.

## સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૦

રવિવારના રોજ શ્રાવણી પૂનમના દિવસે શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન સેકટર-૧૬ ખાતે સમુહ યજ્ઞોપવિત બદલવાનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમ કાનજીભાઈ ભોગાયતા શાસ્ત્રીના આચાર્ય પદે કરેલ છે. રવિવારે સવારે ૯.૩૦ વાગે યજ્ઞોપવિત બદલવા માટે પૂજામાં બેસવા આસન, પંચપાત્ર સાથે બ્રહ્મભવન, સે-૧૬ ખાતે ઉપસ્થિત રહેવા પિનાકીન રાવલ (પ્રમુખ), નરેશભાઈ દવે (મહામંત્રી) દ્વારા જણાવાયું છે.

## કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ સન્માન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૦

કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા આગામી વિજયાદશમીએ વિદ્યાર્થી સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાશે. જેમાં બાળકોને ધોરણ-૧ થી ૧૨ ની માર્કશીટ તેમજ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓની માર્કશીટ અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ હોય તેની સંપૂર્ણ માહિતી સંસ્થાની કચેરી સેકટર-૧૭ ખાતેથી જરૂરી ફોર્મ મેળવીને વિગતો ભરી તારીખ ૨૫-૯-૨૧ સુધીમાં કચેરી ખાતે મોકલવા જસવંતસિંહ ગોહિલ (કાર્યાલય મંત્રી)એ જણાવ્યુ હતુ.

# આખરે ફાયર વિભાગના કર્મચારીઓને મકાન ફાળવાયાં

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનર ધવલ પટેલ દ્વારા ફાયર વિભાગના કર્મચારીઓને રહેણાંક મકાનની ફાળવણી કરવામાં આવી છે. છેલ્લા એક વર્ષથી મકાન ફાળવણી અંગે વિવાદ ચાલી રહ્યો હતો. ફાયર કેમ્પસમાં રહેલા મકાન મનપાના કર્મચારીઓને ફાળવવા માટે હિલચાલ ચાલી રહી હતી. ત્યારે ફાયર વિભાગના કર્મચારીઓને મકાન મળતા ન્યાય મળ્યો છે.

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ફાયર કેમ્પસ સ્થિત કર્મચારીઓ માટે વિવિધ કક્ષાના રહેણાંક મકાનો આવેલા છે. આ મકાન ફાયર કર્મચારીઓને આપવામાં આવતા હતા. ત્યારે છેલ્લા એક વર્ષથી મકાન ફાળવણીનો મુદ્દો ગુંચવાયો હતો. ફાયરના ચાર કર્મચારીઓએ મકાન માટે અરજી કરી હતી. તેમ છતા તેઓને મકાનની ફાળવણી યેનકેન પ્રકારે કરવામાં આવતી ન હતી. ફાયર કેમ્પસમાં રહેલા મકાન મનપાના અન્ય કર્મચારીઓને આપવા માટેની હિલચાલ ચાલી રહી હતી. જેથી ફાયરના કર્મચારીઓને મકાન ફાળવણી ન થતા તેઓને મોંઘાદાટ ભાડા ભરીને અન્ય સેકટરમાં રહેવાનો વારો આવ્યો હતો. ત્યારે આજે ફાયર કર્મચારીઓને ન્યાય મળ્યો છે. મહાનગર પાલિકાના કમિશનર ધવલ પટેલ દ્વારા ફાયરના ચાર કર્મચારીઓનો મકાનની ફાળવણી કરી દેવામાં આવી હતી. જેને પગલે કર્મચારીઓમાં આનંદની લાગણી છવાઈ હતી.

# લાયોનેસ કલબ દ્વારા રાશન કીટ વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૦

લાયોનેસ કલબ દ્વારા ૧૭૦ જેટલા પરિવારોને રાશન કીટ ભેટ આપવામાં આવી હતી. સેકટર-૮ સરકારી પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓના પરિવારજનોને રાશન કીટ ભેટ અપાઈ હતી. જેમાં હરેશભાઈ ત્રિવેદી (કેબીનેટ સેક્રેટરી), નીતાબેન રાણા (પ્રમુખ), ઉષાબેન ટાટુ (સેક્રેટરી), મીનાબેન ત્રિવેદી (ફૂડ ફોર હંગરના ચેરમેન), રીટાબા સોલંકી, મિતલબેન રાણા સહિત શાળા પરિવારના શિક્ષકો તથા લાયોનેસ બહેનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ઉપરાંત કુડાસણ વિસ્તારમાં ચાલી રહેલા બાંધકામમાં કામ કરતા મજૂર વર્ગના પરિવારોને તથા સફાઈ કામદારોના પરિવારોને રાશન કીટ આપવામાં આવી હતી.




# રોટરી ક્લબ ઓફ કેપિટલની કેન્સર કીડ્સને વિવિધ ભેટ



ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા રોટરી ઈન્ટરનેશનલ ફોકસ એરીયાને ધ્યાને લઈને અમદાવાદ ખાતે આવેલ સુભાગ આવાસ કેન્સર કીડ્સ ખાતે કેન્સરગ્રસ્ત બાળકો માટે વોટર કુલર, આર.ઓ. પ્લાન્ટ, કુલર અને રમકડાંની ભેટ આપવામાં આવી હતી.

તા. ૧૭ ઓગષ્ટના રોજ રોટરી ક્લબ ઓફ કેપિટલના સદસ્યો અમદાવાદ ખાતે કેન્સરગ્રસ્ત બાળકોની વચ્ચે ઉપસ્થિત રહીને બાળકોની અને સંસ્થાની જરૂરીયાત ધ્યાને લઈને ભેટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રમુખ અમીબેન શાહ, સેક્રેટરી પાર્થ ઠક્કર, ચાર્ટર પ્રેસીડન્ટ જગતભાઈ કારાણી, પૂર્વ પ્રમુખો અરવિંદ રાણા, ઈલાબેન વોરા, યશવંત જોશી, અશ્વિનભાઈ શર્મા, ગૌરાંગભાઈ રાવલ, ઉરેન પટેલ, આયુષી શર્મા સહિત કપીલ ભાવસાર, આરતી નાણાવટી સહિત રોટરી ક્લબ ઓફ અસ્મીતાના અન્ય સદસ્યો ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

# પિંડારડા નજીક યુવાને પથ્થર મારી બસનો કાચ તોડયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર-વિજાપુર માર્ગ પર પિંડારડા ગામની પાસે એક યુવકે બસ પર પથ્થર મારી બસનો પાછળના ભાગનો કાચ તોડી નાંખ્યો હતો. ચાલક બસ ઉભી નહી રાખે તેમ સમજી યુવકે પથ્થર મારી નજીકના ખેતરમાં ભાગી ગયો હતો. ત્યારે બસના ડ્રાઈવર યુવક સામે રૂ.૮ હજારનું સરકારી સંપતિને નુકશાન કરવા અંગે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર થી વિજાપુર બસ લઈને રમેશભાઈ સાંકાભાઈ ચૌધરી જઈ રહ્યા હતા. તે સમયે એક યુવાન મુસાફર દ્વારા હાથ ઉંચો કર્યો હતો. બસના ચાલકે બસ ને ધીમી પાડી હતી. પરંતુ પાછળ વાહનો હોવાથી બસ ને સ્ટેન્ડ નજીક રોકવી શક્ય ન હતી. જેથી યુવકને ચાલક બસ નહી ઉભી રાખે તેમ સમજી બસ પર છુટ્ટો પથ્થર માર્યો હતો. જે પથ્થર બસની પાછળના ભાગના મોટા કાચને વાગતા તે તુટી ગયો હતો. રૂ.૮ હજારના નુકશાન અંગે ચાલકે અજાણ્યા યુવક સામે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રણાસણ રેલ્વે ક્રોસીંગ પાસે ટ્રક ચાલકના ગળામાંથી સોનાના દોરાની લુંટ કરી ત્રણ શખ્સો ફરાર

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક આવેલા રણાસણ રેલ્વે ક્રોંસીગ નજીક ટ્રક ચાલકને રીક્ષામાં આવેલા ત્રણ લુંટારૂઓએ આંતરીને હોહા કરી રૂ.૮૮ હજારની કિંમતની સવા બે તોલાની સોનાની ચેઈન લુંટીને ફરાર થઈ ગયા હતા.આ બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે ફરાર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના વસ્ત્રાલ જીવન આર્ય ફલેટ ખાતે રહેતા રોહિતભાઈ પોપટલાલ પટેલ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને ચાર ટ્રકના માલિક છે. તેઓએ ડ્રાઈવર પર રાખ્યા છે. પરંતુ જે ડ્રાઈવર રજા પર જાય ત્યારે રોહિતભાઈ જાતે જ માલની ડીલીવરી કરવા માટે જાય છે. ગત તા.૨૦ જુલાઈના રોજ ડ્રાઈવર છત્રાલ થી ટાઈલ્સ ભરીને કોબા સર્કલ આવ્યો હતો. પરંતુ ઈદનો તહેવાર હોવાથી ડ્રાઈવર સિકંદર રજા લઈને ઘરે જતો રહ્યો હતો. જેથી રોહિતભાઈ કોબાથી ટ્રક લઈને અંકલેશ્વર જવા માટે નીકળ્યા હતા. ત્યારે રાત્રીના સમયે નાના ચિલોડા સર્કલ થી રણાસણ રોડ ઉપર એક ફ્રાય સેન્ટર પર જમવા માટે ઉભા રહ્યા હતા. તે સમયે તેમની સામેના ટેબલ પર ત્રણ શખ્સો પણ જમવા માટે બેઠા હતા. જમ્યા પછી રોહિતભાઈ ટ્રક લઈને અંકલેશ્વર માટે રવાના થયા હતા. ત્યારે ત્રણેય ઈસમોએ રીક્ષા તેમની ટ્રક આગળ ચલાવવા લાગ્યા હતા.જેથી રોહિતભાઈએ રણાસણ રેલ્વે ક્રોસિંગ નજીક ડ્રાઈવર્ઝન હોવાથી ઓવરટેક કરવાની કોશિશ કરતા રીક્ષા ટ્રકની આગળ લાવી ઉભી કરી દીધી હતી. ત્યારબાદ રીક્ષામાંથી બે શખ્સો નીચે ઉતરીને ટ્રકની ડ્રાઈવર સીટ તરફ ધસી જઈને રોહિતભાઈ સાથે ઝપાઝપી કરી હતી. જેને પગલે રોહિતભાઈના ચશ્મા પડી ગયા હતા.જેથી તેઓ ચશ્મા લેવા માટે નીચે નમ્યા એ દરમિયાન બંન્ને શખ્સોએ તેમના ગળામાંથી સવા બે તોલાનો સોનાનો દોરો લુંટી લઈને નાસી ગયા હતા. અંકલેશ્વર માલની ડિલીવરી કરવાની હોવાથી તેમજ અન્ય જગ્યાએ પણ માલની હેરફેર કરવાની હોવાથી તેઓએ ગતરોજ ડભોડા ખાતે ત્રણ શખ્સો સામે પોલીસ ફરીયાદ નોંધાવી હતી.

**: ટેન્ડર હરાજી : (પ્રથમ પ્રયત્ન)**

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની ટોયેટો ઈનોવા (ડીઝલ) વાહન નં. જી ૧૮ ૨ ૨૯૭૧ મોડલ ૨૦૧૦ હાલ તે સ્થળે જે સ્થિતિમાં છે. તે હાલતમાં જાહેર જનતા પાસેથી ભાવો મેળવા તા. ૧૪/૯/૨૦૨૧ના રોજ જાહેર હરાજીથી નિકાલ કરવાની હોઈ, ભાગ લેવા ઈચ્છા ધરાવતી વ્યક્તિઓએ રૂ. ૧૦૦/- (બિન પરત ચુકવણીપાત્ર) રોકડા નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, બ્લોક નં. ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીમાં જમા કરાવી તા. ૧૩/૯/૨૦૨૧ના રોજ ૧૩.૦૦ કલાક સુધીમાં ટેન્ડર ફોર્મ મેળવી અને કચેરીમાં ટપાલ મારફત / રૂબરૂમાં પરત જમા કરાવવા રહેશે. તા. ૧૩/૯/૨૦૨૧ સમય ૧૭.૦૦ કલાક બાદ મળેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

સહી/- નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૮૯૬/૨૧-૨૨

